તમે જાતે બનાવી શકો તેવી મનોરંજક વસ્તુઓ

રોબર્ટ લોપશાયર

તમે જાતે બનાવી શકો તેવી મનોરંજક વસ્તુઓ


એક વાદ્ય
કેવી રીતે બનાવવું
1. એક મોટું કાર્ડબોર્ડ
નું ખોખું લો .
થોડી મજબૂત દોરી
લો .
2. ખોખાની નીચે
એક છિદ્ર બનાવો .
3. દોરીને છેડે એક નાની
લાકડી બાંધો. દોરીને
ખોખાના છિદ્રમાંથી ખેંચો.
4.દોરીના બીજે છેડે
એક સાવરણો બાંધો.
સવારણો આ રીતે પકડો...
...અને ધમાકેદાર સંગીત વગાડો!

દીપછત્ર (લેમ્પ શેડ) કેવી રીતે બનાવવા

1. કાગળ નો એક ટુકડો અને કાતર લો.



2. કાગળને આ પ્રકારે વાળો.



3. હવે કાગળને આ પ્રકારે કાપો.

4. કાગળને ખોલો અને એને બતાવ્યા પ્રમાણે ચારે બાજુથી વાળો. બંને છેડાને ચોટાડો.

5. બીજો એક કાગળનો ટુકડો કાપો. એને હેન્ડલ તરીકે ચોંટાડો.

ઘણા દીપછત્ર બનાવો. તેને લટકાવી દો અને તમારા મિત્રોને પાર્ટી માટે બોલાવો!

બટનથી એક અસામાન્ય વસ્તુ બનાવો

1. એક બટન લો ... તે માટે કોટનું મોટું બટન સારું રહેશે.

2. દોરીનો એક ટૂકડો લો.

3. દોરીને આ પ્રકારે બટનમાંથી પસાર કરો.

4. દોરીના છેડે ગાંઠ બાંધો.



5. દોરીને ગોળ ગોળ ફેરવો અને તેને વળ ચઢાવો.

6. તેને ખેંચો અને છોડી દો. જોરથી ખેંચો અને છોડી દો.

સતત ચાલુ રાખો.

કદાચ એ લાંબા સમય સુધી ફર્યા જ કરશે!

સુગંધિત ચહેરો કેવી રીતે બનાવવો

1. તમારી માઁ પાસે એક સંતરું, એક દાંત ખોતરણી, અને થોડા લવિંગ માંગો.

2. દાંત ખોતરણીથી સંતરામાં આંખ, નાક અને મોઢા માટે નાના છિદ્ર કરો.

3. છિદ્રમાં લવિંગ ઘુસાડો.

4. હવે વાળ માટે છિદ્ર બનાવો ... ઘણાં બધા છિદ્ર બનાવો .

5. એમાં વધારે લવિંગ લગાવો.

તમારા રૂમમાં રાખો. સરસ સુગંધ આવશે!

કાગળની ફરકડી કેવી રીતે બનાવશો

1. કાગળનો એક ટુકડો લો. એક મોતી, એક પિન અને એક દાંડી પણ લો.



2. કાગળ પર બતાવ્યા પ્રમાણે નિશાન કરો અને એને ચાર વાર કાપો.



3. કાગળ ના ચારેય ખૂણા વાળીને વચ્ચે સુધી લાવો.

4. પિનને કાગળમાં આવી રીતે ઘુસાડો.

5. મોતીને પિનના માથાની નીચે રાખો.

6. પછી પિનને દબાવીને દાંડીમાં ઘુસાડો.

હવે દાંડીને પકડીને બહાર જઈને દોડો. કાગળની ફરકડી ઝડપથી ગોળ ગોળ ફરશે!

પટ્ટીની ચટાઈ કેવી રીતે બનાવશો

1. તમને એક કાતર અને રંગબેરંગી કાગળના બે ટુકડાઓની જરૂર પડશે.



2. એક ટૂકડાને આવી રીતે વાળો અને કાપો.



3. બીજા ટૂકડાની પટ્ટીઓ કાપો.

4. પહેલા ટૂકડાને ભોંય પર રાખો. એક પટ્ટી લઈને એને આવી રીતે ઉપર-નીચે ગૂંથો.

5. બધી પટ્ટીઓને આવી રીતે ગૂંથો.



ઘણી ચટાઈઓ બનાવીને તમારા મિત્રો સાથે પાર્ટી કરો.

ઘરમાં વન કેવી રીતે બનાવશો?

1. માં પાસે એક શક્કરિયું માંગો.

2. ચાર દાંત ખોતરણી અને એક પાણીનો ગ્લાસ લો.

3. શક્કરિયામાં આવી રીતે દાંત ખોતરણી ખોસો.

4. શક્કરિયાને પાણીમાં આવી રીતે રાખો.

5. શક્કરિયાને ભીનું રાખો. તમારું જંગલ આવી રીતે વધશે.

પણ જંગલના જનાવરોથી સાવધાન રહેજો!

હેલિકોપ્ટર કેવી રીતે બનાવશો

1. એક કોર્ક લો.
થોડો જાડો કાગળ પણ લો.

2. કાગળને કાપો અને આ પ્રમાણે આકૃતિ બનાવો.



3. કાગળને આ પ્રમાણે વાળો.



4. ગુંદરથી કાગળ પર એક દાંત ખોતરણી ચોંટાડો.

5. પછી દાંત ખોતરણીને કોર્કમાં ખોસો.

6. હેલિકોપ્ટરને બહાર લઈ જઈને હવામાં ફેંકો.

તીણો અવાજ કેવી રીતે કાઢશો

1. એક કાગળ લો.

2. તેમાં એક પટ્ટી કાપો.

3. કાગળને વાળીને આવી રીતે કાપો.



4. ફરી આવી રીતે વાળો.



5. તેને મોઢાની નજીક આવી રીતે પકડો.

6. હવે જોરથી ફૂંક મારો!

આ તીણા અવાજથી તમારા મિત્રોને ડરાવી શકશો.

નાનો કૂતરો કેવી રીતે બનાવશો

1. એક બહુ મોટી નહીં એવી કાગળની થેલી લો.

2. કેટલાક ક્રેયોન્સ પણ લો .

3. એનાથી એક નાના કૂતરાનું મોઢું બનાવો.

4. મોઢું આવી રીતે બનાવો.

5. રંગબેરંગી કાગળના બે કાન કાપો .

6. રંગીન કાનને ચોંટાડો.

7. બેગમાં તમારો હાથ નાખો. તમારી આંગળીઓ હલાવો અને કૂતરા સાથે વાતો કરો.

કૂતરો તમારી સાથે કલાકો વાતો કરશે!

બટાકાની છાપ કેવી રીતે બનાવશો

1. તમારી માઁ પાસે એક બટાકું, એક પ્લેટ, થોડા કાગળ અને રંગ માંગો.

2. માઁ ને બટાકાને અડધું કાપવાનું કહો.



3. એને અડધા બટાકા પર બતાવેલી આકૃતિ કાઢવાનું કહો.

4. પ્લેટ પર થોડો રંગ નાખો. બટાકાને રંગમાં ડુબાડો.

5. હવે બટાકાને કાગળ પર દબાવો. આખા કાગળ પર એ છાપ પાડો.

પછી તમે એની સાથે શું કરશો? પાનું ઉથલાવીને જુઓ....

પિતા માટે ભેટ કેવી રીતે બનાવવી

1. બટાકાની છાપવાળો કાગળ લો.
આ પ્રકારનો ડબ્બો લો.

2. ડબ્બ ના કદનો
કાગળ કાપો.

3. કાગળને ડબ્બા
પર ચોંટાડી દો.

4. ડબ્બાના ઢાંકણાને બીજા
કાગળના ટૂકડા પર મુકો. તેની
ફરતે રૂપરેખા બનાવો.

5. હવે તેને કાપો.

6. એને ઢાંકણા પર ચોંટાડો.

પિતા એના પૈસા, બટન અને અન્ય નાની
વસ્તુઓ એમાં રાખી શકે છે.

નાનો ટેલિફોન
કેવી રીતે બનાવવો



1. બે કાગળના કપ લો ...

2. ... અને દોરાનો એક લાંબો ટૂકડો પણ.

3. દરેક કપમાં એક છિદ્ર
બનાવો, ખૂબ જ નાનું છિદ્ર .

4. છિદ્રમાં થી દોરાને
ખેંચો.



5. દોરાને છેડે ગુંદ
લગાવો અને એને
કપમાં ચોંટાડી દો.

6. દોરાને કસીને પકડો અને
કપમાં થી વાતો કરો.

તમે ચાહો તો તમારા કૂતરા સાથે પણ વાતો
કરી શકો છો ... જો એ બોલી શકતો હોય તો.

કોલાજ ચિત્ર
કેવી રીતે બનાવવું

1. કાર્ડબોર્ડ , કાતર
અને ખૂબ જ બધા
રંગબેરંગી કાગળ લો.

2. કાગળને અલગ કદ
ના ટુકડાઓમાં કાપો.

3. આ રંગબેરંગી
ટુકડાઓ કાર્ડબોર્ડ
પર ચોંટાડો. તમે
તેને તમારી ઈચ્છા
પ્રમાણે ચોંટાડો.

4. ચોંટાડો,
વધારે ટુકડાઓ
ચોંટાડો.

જયારે કોલાજ (કાગળના
ટુકડાને કાગળ કે સપાટી
પર એકસાથે ચોંટાડીને
બનાવવામાં આવતું ચિત્ર
કે કલાસ્વરૂપ) બની જાય
ત્યારે માઁ ને કહો કે તમારા
રૂમમાં એને ટીંગાડે.

હવે માઁ માટે એક બનાવો.

ભાંખડિયે ચાલનારી ઈયળ કેવી રીતે બનાવવી

1. કેટલાક કાગળ લો. સાથે કાતર પણ.

2. કાગળનો આટલો મોટો ટૂકડો કાપો. તેના પર ઇયળનો ચહેરો બનાવો.

3. એને એક ટેબલ પર આવી રીતે ખેંચો. એનાથી એ થોડો ગોળ થઈ જશે.

4. ઈયળની ધારને થોડી ભીની કરો - વધારે નહીં.

5. એને એક ટેબલ પર રાખો અને પૂંછડીના ભાગ પર જોરથી ફૂંક મારો.

ઈયળ ઝડપથી આગળ દોડશે!

કપડાંની ક્લિપથી જીવડું બનાવો

1. એક કપડાંની ક્લિપ લો. કાતર, કેટલાક રંગબેરંગી કાગળ, ગુંદર અને બે ડ્રોઇંગ પિન લો.

2. લાકડાની ક્લિપમાં ડ્રોઈંગ પિન દબાવો. એ જીવડાંની આંખો બનશે.



3. કાગળના કેટલાક પગ કાપો અને તેને ગુંદર થી ચોંટાડો.



4. પછી પાંખ અને પૂંછડી કાપો. એના પર રંગથી રમુજી બિંદુઓ બનાવો.

5. પાંખો અને પૂંછડી ગુંદરથી ચોંટાડો.



6. પછી કપડાંની ક્લિપ દબાવીને જીવડાંનું મોં ખોલો ...

... અને તેનાથી કોઈને પણ બટકું ભરો.

ગુચ્છાવાળી ટોપી કેવી રીતે બનાવવી

1. એક કાગળનો કપ લો. કેટલીક દોરી અને સ્ટ્રો પણ લો.

2. સ્ટ્રો ના બંડલને દોરી પર આવી રીતે રાખો.

3. સ્ટ્રો ના બંડલની ચારેય બાજુ દોરી બાંધી દો.



4. કપની નીચે એક છિદ્ર બનાવો.

5. છિદ્રમાં થી દોરીને ખેંચો.

6. પછી પોતાની દાઢીની નીચે દોરી બાંધી દો.

કૂતરો તમારી સુંદરતાની પ્રશંસા કરશે!

ચાલવાવાળી વસ્તુ કેવી રીતે બનાવવી

1. એક રબર બેન્ડ લો. એક દોરો વીંટવાની રીલ અને બે દાંત ખોતરણી લો.

2. રીલના બંને છેડે સાબુ ઘસો.

3. રબર બેન્ડને રીલના છિદ્રોમાં થી પસાર કરો.



4. રબર બેન્ડમાં દાંત ખોતરણી ફસાવો.



5. હવે ચાલવાવાળી વસ્તુમાં ચાવી ભરો, અને..

6. ....એને ટહેલવા જવા દો!

ચાલવાવાળો જોકર કેવી રીતે બનાવવો

1. કાતર, જાડો કાગળ, અને કેટલાક રંગબેરંગી ક્રેયોન્સ લો.



2. કાગળ પર જોકર દોરો અને તેને કાપી લો.

3. હવે તેને રંગ કરો અને વિચિત્ર બનાવો!



4. પગ માટે બે છિદ્ર કાપો.

5. તે દોડી શકે છે તે નૃત્ય કરી શકે છે!

એના જેવા બે કેમ ન બનાવીયે?

જલતરંગ કેવી રીતે બનાવવું

1. તમારી માઁ પાસે ચાર જૂના ગ્લાસ અને એક લાકડાની ચમચી માંગી લો.

2. એક ગ્લાસમાં ફક્ત આટલું પાણી ભરો.

3. બીજા ગ્લાસમાં થોડું વધારે પાણી ભરો.

4. ત્રીજા ગ્લાસમાં એનાથી પણ થોડું વધારે પાણી ભરો.

5. છેલ્લા ગ્લાસમાં લગભગ ઉપર સુધી પાણી ભરો.

6. ગ્લાસને આવી રીતે તમારી સામે રાખો.

7. ગ્લાસને લાકડાની ચમચીથી ધીમેથી મારો. બહુ જોરથી નહીં.

તેના પર રેડિયો અથવા ટીવીના સંગીત નો કોઈપણ સૂર વગાડો.

વર્તુળની સાંકળ કેવી રીતે બનાવવી

1. કેટલાક કાગળ, એક કાતર, અને થોડો ગુંદર લો.

2. આવી રીતે કાગળની પટ્ટીઓ કાપો.

3. એક પટ્ટીને બતાવ્યા પ્રમાણે વર્તુળ આકારમાં ચોંટાડો.

4. આ વર્તુળમાં બીજી પટ્ટી રાખો.

5. તેને પણ ચોંટાડીને બીજું વર્તુળ બનાવો.

6. આ પ્રમાણે વર્તુળની એક લાંબી સાંકળ બનાવો.

શું તમે અડધો માઈલ લાંબી સાંકળ બનાવી શકો છો?

બટાકાનું સસલું કેવી રીતે બનાવવું

1. તમારી પાસે એક બટાકું, ગુંદર, કાગળ, કતાર, દાંત ખોતરણી, કાગળનો કપ અને ત્રણ ડ્રોઈંગ પિન હોવા જોઈએ.

2. બે મોટા પગ કાપો. બે મોટા કાન કાપો. દરેક કાન પર એક દાંત ખોતરણી ચોંટાડો.

3. બટાકામાં દાંત ખોતરણી ખોંસો.

4. આ દાંત ખોતરણીને કપમાં ખોંસો. કપ પર પગને ચોંટાડો.

5. મૂછ માટે બટાકામાં દાંત ખોતરણી ખોંસો.

6. આંખ અને નાક માટે ડ્રોઈંગ પિન્સને ખોંસો. પછી કાન ચોંટાડો.

એના પછી બટાકાના સસલાની એક બહેન બનાવો!

બગીચો કેવી રીતે બનાવવો

1. એક ઊંડી થાળી લો અને થોડા સુંદર નાના પથ્થર લો.

2. હવે બે ગાજર લો. તેમને ખાઓ ... ફક્ત ઉપરનો ભાગ બચાવીને રાખો.

3. પથ્થરોને થાળીમાં રાખો. એની ઉપર થોડું પાણી રેડો.

4. પછી ગાજરનો ઉપરનો ભાગ કાપો અને એને પથ્થરો પર રાખો.

5. પત્થરો ભીના રાખો.

તમે આ બગીચાને ઉગતો જોઈ શકશો.

ભમરડો કેવી રીતે બનાવવો

1. એક કાગળ, એક ગ્લાસ, અને એક પેન્સિલ લો. સાથે કાતર, રંગીન ચાક, અને એક દાંત ખોતરણી પણ.

2. કાગળ પર ગ્લાસ રાખો. પેન્સિલથી ગ્લાસનું વર્તુળ બનાવો.

3. હવે આ વર્તુળને કાપો. એની ઉપર દર્શાવ્યા પ્રમાણે વમળ જેવો આકાર બનાવો.

4. કાગળના કેન્દ્રમાં થી દાંત ખોતરણી આરપાર કાઢો.

5. પછી એને ફેરવો! એને ટેબલ પર ફેરવો.

પેરાશૂટ કેવી રીતે બનાવવી

1. માઁ પાસે એક પેપર નેપકીન, દોરી અને એક કપડાં માટેની પિન માંગો.

2. દોરાના ચાર ટૂકડા કાપો, બધા બે ફીટ લાંબા હોવા જોઈએ.



3. દોરીના ચારે ટૂકડાને પેપર નેપકીનના ચારે ખૂણા સાથે બાંધો.



4. પછી દોરીના ચારે છેડાને એક-સાથે બાંધો, અને એમાં કપડાંની પિન ભરાવી દો.

5. એ બધાને એકદમ સીધું પાથરી દો અને ગોળ-ગોળ સંકેલી લો.



જેટલું બને એટલું એને ઊંચે ફેંકો - પણ ઘરમાં નહીં!

બે શિંગડાવાળો એક જોકર કેવી રીતે બનાવવો

1. એક નાની પેપર બેગ, ક્રેયોન અને કાતર લો.

2. બેગ પર ક્રેયોનથી એક ચહેરો બનાવો. ચહેરો જોવામાં રમુજી લાગવો જોઈએ.

3. બેગના ઉપરના ભાગમાં બે છિદ્ર કાપો. એક છિદ્ર નાકની જગ્યાએ બનાવો.

4. બેગમાં તમારો હાથ નાખો. પ્રત્યેક છિદ્રમાં તમારી એક આંગળી નાખો.



5. હવે તમારા શીંગડાને ઘુમાવો અને તમારા નાકને પણ ઘુમાવો.

હવાની ફરકડી
કેવી રીતે બનાવવી

1. ચાર પેપર કપ,
કાર્ડબોર્ડનો એક ટૂકડો,
ગુંદર,એક મોતી, એક પિન
અને એક દાંડી લો.



2. આવી રીતે
કાર્ડબોર્ડ પર બે
લાઈન બનાવો.



3. હવે ગુંદરથી કાર્ડબોર્ડના દરેક
ખૂણા પર એક-એક કપ ચોંટાડો.



4. કાર્ડબોર્ડ પર જ્યાં બંને
લાઈનો મળે છે ત્યાં પિન
ખોંસો.

5. પિનમાં મોતી ભરાવો.
પછી પિન ને દાંડીમાં
ખોંસો.



હવે તમારી ફરકડી બહાર
હવામાં ફેરવો!

પક્ષીઓને ખુશ કેવી રીતે કરવા

1. એક ટેટ્રા પેકનો ડબ્બો, કાતર અને થોડી દોરી લો.



2. પાપાને એ ડબ્બો આવી રીતે કાપવા માટે કહો.

3. એને એમાં એક આવી રીતે કાણું કરવાનું કહો.

4. કાણાંમાંથી દોરીને પસાર કરો.

5. ડબ્બાની નીચે રોટલીના નાના-નાના ટૂકડા રાખો.

6. પછી એને કોઈ વૃક્ષમાંથી લટકાવી દો.

આ પક્ષીઓ માટે બપોરનું ભોજન બનશે!

મુખવટો કેવી રીતે બનાવવો

1. એક મોટી પેપર બેગ લો.

2. બેગ પર એક મજેદાર ચહેરો બનાવો. આંખ માટે બે કાણાં કરો.

3. નાક માટે એક પેપર કપ ચોંટાડો.



4. થોડા વાળ કાપીને એને ચોંટાડો.

5. પછી કાળા કાગળથી બનાવેલા એક ચશ્મા ચોંટાડી દો.



6. હવે એ મુખવટો પહેરો.

તમારા મિત્રોને ખબર નહીં પડે કે તમે કોણ છો!

સમાપ્ત